


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૩૪ | ૨ નવેમ્બર, ૨૦૧૮, શુક્રવાર; આસો વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### મધુ કોડા કોંગ્રેસમાં સામેલ

ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી મધુ કોડા કોંગ્રેસમાં સામેલ થઈ ગયા છે. તેમના પત્નિ પણ કોંગ્રેસમાં સામેલ થતા તેઓ ચાઈબાસા લોકસભા સીટ પરથી ચૂંટણી લડશે. કોડાની જય ભારત સમાનતા પાર્ટીનું કોંગ્રેસમાં વિલીનીકરણ કરાયુ છે.

### ઉત્તરપ્રદેશમાં શિક્ષકોની ભરતી મામલે તપાસ થશે

ઉત્તરપ્રદેશમાં ૬૮,૫૦૦ સહાયક શિક્ષકોની ભરતીમાં ગોટાળાના આક્ષેપો બાદ ભરતીની તપાસ થઈ રહી છે. જોકે તપાસમાં વિલંબના પગલે નારાજ અલાહાબાદ હાઈકોર્ટે આ ભરતીઓની તપાસ સીબીઆઈને સોંપી દીધી છે. સીબીઆઈને છ માસમાં તપાસ પૂર્ણ કરવા આદેશ અપાયા છે.

### ગૂગલના ૧૫૦૦ કર્મચારીઓનુ વોકઆઉટ

વર્કપ્લેસ પર મહિલાઓ સાથે થનારા યૌન ઉત્પીડનની વિરૂદ્ધ ગૂગલના ૧૫૦૦થી વધુ કર્મચારીઓએ ઓફિસમાંથી એક સાથે વોકઆઉટ કરતા ચકચાર મચી જવા પામી હતી. ફાધર ઓફ એન્ડ્રોઈડ તરીકે ઓળખાતા એન્ડી રૂબિન પર યૌન શોષણનો આરોપ લગાવાયો છે.

### ખાનગી કંપનીઓ સેના માટે હથિયાર બનાવશે

સેના માટે હથિયાર બનાવવાની જવાબદારી હવે સરકારી કંપનીઓ ઉપરાંત ખાનગી કંપનીઓને પણ મળશે. રક્ષા મંત્રાલયે નિયમોમાં ફેરફાર કરતા હવે ખાનગી કંપનીઓ પણ હથિયારો બનાવી શકશે.

# ભાજપ સામે મોરચો માંડવા તૈયારી



### દિલ્હીમાં બેઠકનો દોર : પવાર, ફારુક સાથે ચંદ્રાબાબુ નાયડુની મહત્વપૂર્ણ બેઠક : નાયડુ મિશનને લઇને સૌથી વધુ આશાવાદી

શ્રીનગર, તા. ૧

વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા ભાજપ વિરોધી મોરચો બનાવવાની કવાયત તીવ્ર થઈ ચુકી છે. થોડાક મહિના પહેલા એનડીએથી અલગ થઈ ચુકેલા ટીડીપી વડા અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ આ મિશનમાં જોરદારરીતે લાગેલા છે. આજ હેતુસર આજે નાયડુ દિલ્હીમાં હતા. નાયડુએ એનસીપી પ્રમુખ શરદ યાદવ અને નેશનલ કોન્ફરન્સના નેતા ફારુક અબ્દુલ્લા સાથે બેઠક યોજી હતી. તમામ દળોના નેતાઓ સાથે બેઠકોને લઈને નાયડુ પહેલાથી જ ખુલાસો કરી ચુક્યા છે કે, રાષ્ટ્રીય સ્તર પર વિપક્ષી દળોનું ગઠબંધન બનાવવા તેમની ભૂમિકા રસ્તો કરનાર

● અનુસંધાન પાન-૭ પર

### ચિદમ્બરમની ૨૬મી સુધી ધરપકડ નહીં થાય

નવીદિલ્હી,તા. ૧

ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી પી ચિદમ્બરમ અને તેમના પુત્ર કાર્તિ ચિદમ્બરમને આજે કામચલાઉ રાહત મળી ગઈ હતી. બંનેની ૨૬મી નવેમ્બર સુધી ધરપકડ કરી શકાશે નહીં. ચકચારી એરસેલ-મેક્સિસ કેસમાં ચિદમ્બરમને કામચલાઉ રાહત મળી ગઈ હતી. બંનેની ધરપકડ ૨૬મી નવેમ્બર સુધી થઈ શકશે નહીં. દિલ્હી કોર્ટે ધરપકડથી રક્ષણની અવધિ ૨૬મી નવેમ્બર સુધી વધારી દીધી હતી. સીબીઆઈ અને ઈડી તરફથી ઉપસ્થિત રહેલા એડિશનલ સોલીસીટર જનરલ તુષાર મહેતાએ સીબીઆઈ સ્પેશિયલ જજ ઓપી સૈનીને કહ્યું હતું કે, અમારી પાસે હવે ઓછો સમય રહ્યો છે.










